| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૮–૧૦–૨૦૨૫ |
| નોંધણી તારીખ | ૨૮–૧૦–૨૦૨૫ |
| ફેંસલ તારીખ | ૦૩–૦૪–૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ : માસ : દિવસ: |

**મે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક. જે.ડી. પટેલ સાહેબની કોર્ટમાં, મુ. સતલાસણા.**

**ફોજદારી પરચુ. અરજી નં. ૫૪/૨૦૨૫**

**આંક :–૦૯**

અરજદાર :– સુથાર વીણાબેન મણીલાલ,
ઉ.વ.આ.૬૦,ધંધો–ઘરકામ,
રહે.હડોલ, સુથાર વાસ,
તા. સતલાસણા, જિ.મહેસાણા.

<u>વિ રૂ ધ્ધ</u>

સામાવાળા:– પ્રિન્સિપાલશ્રી,
શેઠ સી.એન. ઉચ્ચતર માધ્યમિક શાળા અને કે.એમ.કોઠારી
હાઈસ્કૂલ, સતલાસણા, તા.સતલાસણા, જી.મહેસાણા.

---

બાબતઃ– ગુજરાત સેકન્ડરી એજયુકેશન રુલ્સ–૧૨(એ)–૬ મુજબ શાળા છોડયાના પ્રમાણપત્રમાં સુધારો કરવા અરજ...

---

અરજદારપક્ષે – વિ.વ.શ્રી જે.બી.ચૌહાણ.
સામાવાળા તર્ફે – કોઈ નહી.

---

**// ઠ રા વ //**

(૧).. અરજદાર તર્ફે રજુ થયેલ અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદાર ઉપરોકત સરનામે પરિવાર સાથે રહે છે, અરજદારના પુત્ર નામે સુથાર

કલ્પેશકુમાર મણીલાલનો જન્મ હડોલ, તા. સતલાસણા મુકામે તા. ૧૨/૧૦/૧૯૮૭ ના રોજ થયેલ. પુત્રના જન્મ બાદ તેઓએ અભ્યાસ શરૂ કરેલ અને ધોરણ-૧૨ નો અભ્યાસ કે.એમ.કોઠારી હાઈસ્કુલ, સતલાસણા મુકામે કરેલ છે. અરજદારના પુત્રએ ધોરણ-૧૨ નો અભ્યાસ છોડયા બાદ તેણે શાળા છોડયા અંગેનુ પ્રમાણપત્ર મેળવેલ જેના જનરલ રજી. નં. એચ.એસ.-૬૨૮૩ થી સર્ટી. નં. ૧૩૮૭૩ થી તા. ૨૨/૦૫/૨૦૦૬ ના રોજ કાઢી આપવામાં આવેલ જે પ્રમાણપત્રમાં શરતચુકથી અનુ. નં. ૨ માં જ્ઞાતિમાં હિન્દુ મેવાડા સુથારની નોંધાયેલી જાણ થયેલી પરંતુ, અરજદારના પુત્રની સાચી અને ખરી જ્ઞાતિ હિન્દુ સુથાર છે. આમ અરજદારના પુત્રના શાળાના પ્રમાણપત્રમાં તેની જ્ઞાતિ શરતચુકથી કે ભુલથી ખોટી લખાયેલ હોઈ, અરજદારના પુત્રને ભવિષ્યમાં તેની કારકીર્દિને નુકસાન ન થાય તેમજ દિકરાને વિદેશ જવા માટે વિઝા કઢાવવા તથા અન્ય સરકારી કામકાજ અર્થે જન્મ તારીખના દાખલાની તેમજ શાળાના પ્રમાણપત્રની જરૂર હોઈ, શાળાના પ્રમાણપત્રમાં સુધારો કરવો જરૂરી હોવાથી હાલની અરજ કરેલ છે.

(૨).. ત્યારબાદ, સદર કામના સામાવાળા કે.એમ.કોઠારી હાઈસ્કૂલના જુની. કલાર્ક ચૌહાણ અરૂણસિંહ નટવરસિંહને **આંક-૪** થી તપાસેલ છે. તેઓએ જણાવેલ છે કે, તેઓ તા. ૦૧/૦૯/૨૦૧૮ થી જુનીયર કલાર્ક તરીકે ફરજ બજાવે છે. અરજદારના દીકરાએ તેઓની સ્કુલમાં ધો.૧૨ સુધી અભ્યાસ કરેલો. તેઓને માર્ક ૩/૬ થી સુથાર કલ્પેશકુમાર મણીલાલનું શાળા છોડયાનું પ્રમાણપત્ર બતાવવામાં આવે છે, જેમાં આચાર્ય તરીકે રણછોડભાઈની સહી છે. જે ઓળખી બતાવે છે. જેને રજુ દાખલ આંક-૦૫ આપવામાં આવેલ છે. વધુમાં,સદર શાળા છોડયાનાં

પ્રમાણપત્રમાં સુધારો થાય તો તેઓને કંઈ વાંધો ન હોવાનું જણાવેલ છે.

(૩).. વધુમાં, સદર કામે અરજદારપક્ષે વધુમાં માર્ક ૩/૨ થી અરજદારના પુત્ર સુથાર મેહુલકુમાર મણીલાલ તથા માર્ક ૩/૩ થી અરજદારના પતિ સુથાર મણીલાલ ખેમાભાઈની એલ.સી. રજુ કરેલ છે જે ધ્યાને લેવામા આવે તો, તેમાં તેઓની જ્ઞાતિ હિન્દુ સુથાર લખેલ હોવાનું જણાઈ આવે છે. વધુમાં માર્ક–૩/૪ થી અરજદારના પુત્ર કલ્પેશકુમાર મણીલાલ સુથારના આધાર કાર્ડની ખરી નકલ રજુ થયેલ છે તથા માર્ક–૩/૫ થી ચૂંટણી કાર્ડની નકલ રજુ કરવામાં આવેલ છે. આમ, સદરહું દસ્તાવેજોથી અરજદારની આંક–૧ ની અરજીને સમર્થન પ્રાપ્ત થાય છે.

(૪).. ત્યારબાદ,અરજદારપક્ષ તરફે અરજદાર સુથાર વીણાબેન મણીલાલના ઓએ આંક–૦૬ થી તેઓની સરતપાસનુ સોગંદનામુ રજુ કરેલ છે જેમાં પણ તેઓએ તેમની આંક–૦૧ ની અરજીની જણાવેલ હકીકતોનુ પુનરાવર્તન કરેલ છે અને તેઓની આંક–૦૧ ની અરજમાં જણાવ્યા મુજબનો તેઓના પુત્ર કલ્પેશકુમારના એલ.સી.માં જ્ઞાતિમાં સુધારો કરવા હાલની અરજ કરેલ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ આંક–૦૭ થી સુથાર કનુભાઈ ખેમાભાઈનુ સરતપાસનુ સોગંદનામુ રજુ કરેલ છે જેમાં તેઓએ અરજદારની અરજીની હકીકતોને સમર્થન આપેલ છે.

(૫).. વધુમાં, આ કામે અરજદાર પક્ષે વિશેષ કોઇ પુરાવો આપવો નથી. તે મતલબની **આંક–૦૮** થી કલોઝીંગ પુરસીસ રજુ રાખેલ છે. તેથી આ કામે કોઇ વિશેષ પુરાવો લેવામાં આવેલ નથી. ત્યારબાદ આ કામે દલીલો સાંભળેલ છે.

(૬).. આમ, અરજદારની અરજી સાથે રજૂ થયેલા દસ્તાવેજી અને મૌખિક પુરાવા અને અરજી સંલગ્ન *ધી ગુજરાત સેકન્ડરી એજ્યુકેશન રેગ્યુલેશન ૧૯૭૪ ના નિયમો ધ્યાને લેતાં વિનીયમ નંબર.૧૨(એ)૫.(૧). માં નામમાં ફેરફાર અંગેના નિયમ છે. (૨). અટકમાં ફેરફાર માટે છે. (૩). પિતાના નામમાં ફેરફાર અંગેનો છે. (૪). જન્મ સ્થળમાં ફેરફાર અંગેનો છે. (૫). ધર્મ અને જાતિમાં ફેરફાર અંગેનો છે. વધુમાં નિયમ.૬ માં જણાવેલ છે કે, મેજીસ્ટ્રેટના હુકમ સીવાય વિધ્યાર્થીએ ખરેખર શાળા છોડી દીધા પછી શાળામાંની નોંધોમાં કોઈ પણ જાતનો ફેરફાર કરી શકાશે નહી.*

આ ઉપરાંત અરજદારના પુત્ર તથા પતિ નું સ્કૂલ લીવીંગ પ્રમાણપત્ર ધ્યાને લેતાં તેમાં તેઓની જ્ઞાતિ હિન્દુ સુથાર લખેલાની જણાઈ આવે છે તેમજ તે દસ્તાવેજ વિરૂધ્ધનો કોઈ પણ પુરાવો સામાવાળાઓ તરફથી આ કામે રેકર્ડે રજૂ થયેલ નથી. જેથી સદર પ્રમાણપત્ર ન માનવાને કોઈ કારણ રેકર્ડે જણાઈ આવતુ નથી. તેમજ ધી ગુજરાત સેકન્ડરી એજ્યુકેશન રૂલ્સ, ૧૯૭૪ ની કલમ-૧૨ (એ)(૬) ધ્યાને લેતાં અરજદારની હાલની અરજી મંજુર કરવા પાત્ર જણાઈ આવતી હોઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## // હુ ક મ //

- અરજદારની હાલની અરજી આથી **મંજુર** કરવામાં આવે છે અને સામાવાળા આચાર્યશ્રી, શેઠ સી.એન.ઉચ્ચતર માધ્યમિક શાળા અને કે.એમ.કોઠારી હાઈસ્કૂલ સતલાસણા, તા.સતલાસણા,જી.મહેસાણા ને એવો હુકમ કરવામાં આવે છે કે, તેઓએ અરજદારના પુત્ર નામે કલ્પેશકુમાર મણીલાલ સુથાર ના શાળા છોડયાના પ્રમાણપત્રમાં શરતચુકથી જ્ઞાતિ હિન્દુ મેવાડા સુથાર લખાયેલ છે. તેને બદલે અરજદારના પુત્રની સાચી જ્ઞાતિ **હિન્દુ સુથાર** હોઈ, તે મુજબનો શાળા છોડયાના પ્રમાણપત્રમાં સુધારો કરી નવીન સ્કુલ લિવિંગ સર્ટીફિકેટ

તૈયાર કરી આપવું. તેમજ  નિયમોનુસાર થતી  લેઈટ ફી લઇ એન્ટ્રી પાડવી.

- હુકમ આજરોજ  ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૩–૦૪–૨૦૨૬
સ્થળ : સતલાસણા

**( જૈમિન ધીરુભાઈ પટેલ )**
**જ્યુડી. મેજી.ફ.ક., સતલાસણા**
**યુનીક જજ કોડ જીજે ૦૧૬૧૩**